COMP-IT/1/2013 ORDER

**IN THE INDUSTRIAL TRIBUNAL AT BHAVNAGAR**
**1**

**COMPLAINT (I.T.) NO. 1 OF 2013.**

**Petitioner:**

**1.** CHANDU SOMA MER AND OTHERS
C/O.MAZDUR ADHIKAR SANGH
RUVAPARI ROAD, NR. WELLO IND.
BHAVNAGAR
GUJARAT

**VERSUS**

**Respondent:**

**1.** CHIEF EXICUTIVE OFFICER, G.M.T.B.
G.M.T.B.
10/A, AIRFORCE ROAD,
GANDHINAGAR
GUJARAT

**2.** PORT OFFICER, G.M.T.B.
G.M.T.B.
NAVA BANDAR,
BHAVNAGAR
GUJARAT

**3.** SAGAR STIVIDOS PVT LTD
RAMESHVAR COMPLEX,4/7, GOGHA ROAD,
BHAVNAGAR
GUJARAT

**Appearance:**
No Advocate For Petitioner
S.C.DESAI For Respondent 1, 2

P.P.PATEL For Respondent 3

---

**ORDER**

**ફરિયાદ આઇ.ટી. નં. ૧/૨૦૧૩**

**આંક–૨૫ અને ૨૬ ની પ્રાથમિક મુદ્દાની અરજી બાબત હુકમ**

૧. સામાવાળા નં. ૧ અને ૨ એ આંક–૨૫ ની પ્રાથમિક મુદ્દાની અરજી કરેલ છે તેની હકીકત છે કે, સામાવાળાએ તેનાં જવાબમાં પ્રાથમિક મુદ્દો ઉઠાવેલ છે. શ્રમયોગીઓએ સામાવાળામાં કયારેય કામ કરેલ હતું નહિ કે છે નહિ. શ્રમયોગીઓ અને સામાવાળા વચ્ચે કયારેય કામદાર–માલિકનો સંબંધ અસ્તિત્વમાં આવેલો હતો નહિ કે છે નહીં. શ્રમયોગીઓ સામાવાળાનાં કામદાર જ ન હોઇ, ફરિયાદીએ તેની ફરિયાદમાં જે હકીકતો જણાવેલ છે તેને કોઇ પણ રીતે કાનૂની ટેકો મળતો નથી, તેથી ફરિયાદ રદ્દ થવાને પાત્ર છે. ફરિયાદીઓ વતી મઝદૂર અધિકાર સંઘ દ્વારા ફરિયાદ કરવામાં આવેલ છે તે કઇ હેસિયતથી કરવામાં આવેલ છે ? ફરિયાદીઓ વતી ઓથોરીટી આપવામાં આવેલ છે કે કેમ ? તથા ફરિયાદીઓ મંડળનાં સભ્ય છે કે કેમ ? તેવી કોઇ પણ બાબત જણાવેલ ન હોઇ તથા પુરવાર થઇ શકતી ન હોઇ, તેથી તે કારણોસર ફરિયાદમાં જે કોઇ રજૂઆતો કરેલ છે તેને કોઇ કાનૂની તેમજ હકીકતોનો કોઇ પણ પ્રકારે ટેકો મળતો ન હોઇ ફરિયાદ રદ્દ થવાને પાત્ર છે. આ બંને પ્રાથમિક મુદ્દાઓ આ વિવાદનાં મૂળને સ્પર્શતાં હોઇ સૌપ્રથમ પ્રાથમિક મુદ્દાઓ તરીકે નિર્ણય કરવા વિનંતી કરેલ છે.

૨. સામાવાળા નં. ૩ એ આંક–૨૬ ની પ્રાથમિક મુદ્દાની અરજી કરેલ છે. તેની હકીકત છે કે, સામાવાળાએ તેનો જવાબ રજૂ કરેલ છે, તેમાં સામાવાળા અને શ્રમયોગીઓ વચ્ચે માલિક–નોકરનાં સંબંધો ઉપસ્થિત થયેલ ન હોઇ, કોઇ પણ પ્રકારનો કામનો કરાર થયેલ ન હોઇ ફરિયાદ ચાલી શકે તેમ નથી. ફરિયાદીઓએ નોકર–માલિકનાં સંબંધો હોવા બાબતેનાં કોઇ જ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ ન હોઇ, ફકત હેરાન કરવાનાં ઇરાદાથી સામાવાળા નં. ૩ ને પક્ષકાર તરીકે જોડેલ છે. તેથી સામાવાળા નં. ૩ સામેની આ ફરિયાદ કાયદેસર ટકી શકે તેમ નથી. આ પ્રાથમિક મુદ્દાનો પ્રથમ નિર્ણય કરવામાં આવે તો, ના. કોર્ટનો તથા તમામ પક્ષકારોનો કીમતિ સમય બચી શકે તેમ છે, અને ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ છે. આમ, પ્રાથમિક મુદ્દાનો પ્રથમ નિર્ણય કરવા વિનંતી કરેલ છે.

૩. ફરિયાદીએ આંક–૨૭ થી બંને પ્રાથમિક મુદ્દાઓની અરજીઓનો જવાબ રજૂ કરેલ છે. અરજીની હકીકતોનો ઇન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, સામાવાળા નં. ૧ થી ૩ ને આ તબકકે આવી અરજીઓ કરવાની કોઇ સત્તા કે અધિકાર નથી. શ્રમયોગીઓની વિવિધ માગણીઓ સામાવાળા નં. ૧ થી ૩ નાએ મંજૂર નહિ કરતાં, આ વિવાદ ન્યાયનિર્ણયાર્થે સુપ્રત થયેલ છે. આ વિવાદ સુપ્રત થયા બાદ ઘણાં લાંબા સમય બાદ સ્પે.સી.એ.નં. ૧૫૬૭૧/૨૦૧૨ નાં કામે ના. હાઇકોર્ટે એક વર્ષમાં આ કામ ચલાવી લેવા આદેશ આપેલ હોવાથી સામાવાળા નં. ૧ થી ૩ નાએ તેનો જવાબ રજૂ કરેલ ત્યાર બાદ સામાવાળા નં. ૧ થી ૩ નાં કબજામાં રહેલ દસ્તાવેજી પુરાવા રજૂ કરાવવા પ્રોડકશન અરજી કરેલ, તેમાં સામાવાળા નં. ૧ થી ૩ નાએ જવાબ પણ રજૂ કરેલ, ત્યાર બાદ

સામાવાળા નં. ૧ થી ૩ ને તેનાં વિરુધ્ધ હુકમ થાય તેવું લાગતાં બદઈરાદે આ કામને વિલંબમાં નાંખવા માટે થઇને આ પ્રાથમિક મુદ્દાની અરજીઓ આપેલ છે, તે સિવાય અન્ય કોઇ કારણ નથી. આ વિવાદ બંને પક્ષકારોનાં પુરાવા લઇને નકકી કરવો જોઇએ. નોકર–માલિકનાં સંબંધો છે કે કેમ ? તે બાબત નકકી કરવાની રહેતી નથી. ફરિયાદ થવા બાબતે જે તે સમયે પક્ષકારને વાંધો તકરાર હોય તો ઉપલી અદાલતમાં પડકારવો જોઇએ, પરંતુ તે નહિ પડકારીને પ્રાથમિક મુદ્દા અંગે વાંધા અરજી આપી, માલિક–નોકરનો સંબંધ ન હોય તેવી રજૂઆત સામાવાળા નં. ૧ થી ૩ એ કરી છે તે વાજબી કે ન્યાયી નથી અને તે આ અદાલતનાં કાર્યક્ષેત્રમાં ન્યાયનિર્ણય માટે જે વિવાદ સુપ્રત થયેલ છે તેનો જ ન્યાયનિર્ણય કરવાનો છે. ના. સર્વોચ્ચ અદાલતે ડી.પી.મહેશ્વરી વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેટીવ ઓફિસર અને બીજાઓનાં ચુકાદામાં ઠરાવ્યું છે કે, અદાલતોએ પ્રાથમિક મુદ્દાઓની અરજીઓમાં બને ત્યાં સુધી વચ્ચે પડવું નહીં. આવી પ્રાથમિક મુદ્દાઓની અરજીઓમાં સમય વેડફાય છે અને મૂળ કેસનો ન્યાયનિર્ણય કરવામાં વિલંબ થાય છે તેથી પ્રાથમિક મુદ્દાઓની અરજીઓનો નિર્ણય અંતિમ ચુકાદા વખતે પણ લઈ શકાય. ના. બોમ્બે હાઇકોર્ટે ઉષા સેલ્સ વિ. માલકોલ ગોમ્સ અને બીજાઓનાં કેસમાં ઠરાવ્યું છે કે, એક કાયદા અને બીજા કાયદાની હકુમતનો પ્રશ્ન સમાયેલ હોય, આથી પુરાવા વગર ન્યાયનિર્ણય થઇ શકે નહીં. બંને ચુકાદાને ધ્યાને લઇ સામાવાળા નં. ૧ થી ૩ ની પ્રાથમિક મુદ્દાની અરજી રદ્દ કરવા વિનંતી કરેલ છે.

૪. સામાવાળા નં. ૧ અને ૨ તરફે શ્રી જે.એન. મહેતા અને સામાવાળા નં. ૩ તરફે શ્રી બી.એમ.જોષી અને ફરિયાદી તરફે શ્રી અમિતભાઇ ચૌહાણને સાંભળ્યાં. આ કામનું તમામ રેકર્ડ વંચાણે લીધેલ છે.

પ. સામાવાળા નં. ૧ થી ૩ એ પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરી જણાવેલ છે કે, શ્રમયોગીઓ તેઓનાં કામદાર નથી, શ્રમયોગીઓ અને તેઓની વચ્ચે કયારેય નોકર–માલિકનાં સંબંધો ઉપસ્થિત થયેલ નહીં કે છે નહીં. ફરિયાદીએ આ ફરિયાદ કરેલ છે તે તમામ શ્રમયોગીઓ મંડળનાં સભ્ય છે કે કેમ ? તેવું પુરવાર કરેલ ન હોઇ તેથી ફરિયાદીને આ ફરિયાદ દાખલ કરવા કોઇ જ અધિકાર ન હોઇ તે બંને પ્રાથમિક મુદ્દા સબબ જ આ વિવાદ ચાલવાપાત્ર ન હોઇ અને આ બંને પ્રાથમિક મુદ્દાઓ આ વિવાદનાં મૂળને સ્પર્શતાં હોઇ તેનો પ્રથમ નિર્ણય કરવા રજૂઆત કરેલ છે. સામાવાળા નં. ૧ થી ૩ નાંએ ઉપસ્થિત કરેલ પ્રાથમિક મુદ્દામાં શ્રમયોગીઓ મંડળનાં સભ્ય છે કે કેમ ? અને પ્રતિનિધિત્વ ધરાવતું મંડળ છે કે કેમ ? તે બાબત મદદનીશ શ્રમ આયુકત સમક્ષ ચાલતી સમાધાન કાર્યવાહી બાબતે નિર્ણય કરવાની બાબત છે. આ રેફરન્સ નથી, પરંતુ પડતર ઔદ્યોગિક વિવાદમાં દાખલ કરેલ ફરિયાદ છે. મંડળ પ્રતિનિધિત્વ ધરાવતું મંડળ છે કે કેમ ? મંડળની સભ્યસંખ્યા વગેરે તમામ બાબત સમાધાન કાર્યવાહી મદદનીશ શ્રમ આયુકતશ્રી સમક્ષ, રજૂ કરવાની રહે છે અને ચકાસવાની રહે છે. ત્યાર બાદ સમુચિત સરકાર તરફથી વિવાદ ન્યાયનિર્ણયાર્થે સુપ્રત થયેલ છે. શ્રમયોગીઓ મંડળનાં સભ્ય ન હોય કે મંડળ પ્રતિનિધિત્વ ધરાવતું મંડળ ન હોય તેમ છતાં, સમાધાન અધિકારીશ્રીએ વિવાદ અત્રે ન્યાયનિર્ણયાર્થે સુપ્રત કરેલ હોય તો, તેને ના. હાઇકોર્ટમાં પડકારી શકાય છે. સમાધાન કાર્યવાહીની યોગ્યતા કે અયોગ્યતા બાબતે અત્રે ન્યાયનિર્ણય કરવાની કોઇ જ હકૂમત નથી. આ ફરિયાદ છે તેથી સામાવાળા નં. ૧ થી ૩ નાએ ઉપસ્થિત કરેલ સદરહુ પ્રાથમિક મુદ્દો ગ્રાહય રાખવા યોગ્ય નથી તેવા તારણ ઉપર હું આવું છું.

૬. ફરિયાદીઓ અને સામાવાળા નં. ૧ થી ૩ નાં વચ્ચે નોકર–માલિકનાં સંબંધો

છે કે નહિ ? હતાં કે નહિ ? તે બાબતે નિર્ણય કરતાં પહેલાં ફરિયાદીઓએ જે ઔદ્યોગિક વિવાદ અત્રે પડતર છે તેમાં આ ફરિયાદ દાખલ કરેલ હોઈ તે વિવાદની માગણીઓ જોવી આવશ્યક જણાય છે, તે જોવામાં આવે તો:

" માગણી નં. ૧ પક્ષકાર નં. ૧ અને પક્ષકાર નં. ૨ દ્વારા કોન્ટ્રાકટરનાં કોન્ટ્રાકટનો અંત આવે ત્યારે કોન્ટ્રાકટરમાં કામ કરતાં કામદારોનાં હકક હિસ્સા ચૂકવવા માટે કોન્ટ્રાકટરની ડીપોઝીટ થયેલ રકમમાંથી કપાત કરી ચૂકવવાની જવાબદારી રહેશે કે કેમ ?

માગણી નં.૨ : કોન્ટ્રાકટરનાં કર્મચારીઓમાંથી કોઇ ગુજરી જાય અથવા કામગીરી કરવા અસમર્થ હોય અથવા કોઈ પણ કારણસર કામે આવતાં બંઘ થાય તો તેવા કર્મચારીઓને કાયમી કર્મચારીઓને મળતાં ધારાધોરણ મુજબ હકક હિસ્સા ચૂકવવા કે કેમ ?

માગણી નં. ૩ : કોન્ટ્રાકટર આધુનિક મશીનનો ઉપયોગ કરે તો આ કર્મચારીઓને વર્ષનાં ઓછામાં ઓછા ૨૪૦ દિવસનું કામ આપવું જોઈએ કે કેમ ? અને જો તે મુજબ કામ આપવામાં ન આવે તો બાકીનાં દિવસોનું વળતર ચૂકવવું જોઈએ કે કેમ ?

માગણી નં. ૬ : પક્ષકાર નં. ૧, ૨ અને કોન્ટ્રાકટરને ત્યાં કામ કરતાં મુકાદૃમને દૈનિક પગાર રૂા. ૩૦૦/ તથા મજૂરોનાં દૈનિક રૂા. ૨૫૦/ ચૂકવવા કે કેમ ?

માગણી નં. ૭ : કોન્ટ્રાકટર દ્વારા આધુનિક મશીનનો ઉપયોગ કરી અન્ય વ્યકિતઓ દ્વારા કામગીરી લેવામાં આવે છે તો તેની જગ્યા ઉપર આ જ કર્મચારીઓને ટ્રેનીંગ આપી તેઓનાં મારફત કામગીરી લેવી કે કેમ ?

માગણી નં. ૮ : કોન્ટ્રાકટર દ્વારા આ કર્મચારીઓને માસિક રૂા. ૨૦૦૦/ નો ઉપાડ આપવો કે કેમ ?

માગણી નં. ૯ : કોન્ટ્રાકટર દ્વારા આ કર્મચારીઓને લગ્નપ્રસંગે તથા વ્યવહારીક પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/ ની લોન આપવી કે કેમ ?

માગણી નં. ૧૩ : કોન્ટ્રાકટર દ્વારા બંદર ખાતે આવેલ માલ સામાન પહોંચાડવાની કામગીરી અન્ય પાર્ટીને આપવામાં આવે છે તેની જગ્યાએ આ કામગીરી આ જ કર્મચારીઓનાં ચાલતા ભાવનગર નવા બંદર ગોદી કામદાર મજૂર સહકારી મંડળીને આપવું કે કેમ ? "

૭. ઉપરોકત માગણીઓની હકીકતો ધ્યાને લેતાં, કોન્ટ્રાકટર સામે માગણીઓ કરેલ હોવાનું જણાય છે. માગણી નં. ૬ સામાવાળા નં. ૧ થી ૩ સામે સ્પષ્ટપણે કરેલ છે. ફરિયાદીએ તેની ફરિયાદમાં સામાવાળા નં. ૧ અને ૨ નાની સૂચનાઓ મુજબ ફરિયાદીઓ પાસેથી વર્ષોથી કામગીરી લેવામાં આવતી હતી. સામાવાળા નં. ૩ ને આજદિન સુધી કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે. આમ, આ ફરિયાદની હકીકત ઘ્યાને લેતાં, ફરિયાદીઓ સામાવાળા નં. ૧ થી ૩ નાંમાંથી કોનાં કામદાર છે, તે કાયદા અને હકીકતનો મિશ્રિત મુદ્દો છે. ઉપસ્થિત કરેલ પ્રાથમિક મુદ્દો એ આ ફરિયાદના મૂળને સ્પર્શતો હોઇ, તમામ પક્ષકારોનાં દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવા અને ગુણદોષ ઉપરની રજૂઆતને ધ્યાને લઇ પ્રથમ તબકકે નિર્ણય થાય ત્યાર બાદ જ આ ફરિયાદનો આખરી નિર્ણય થઇ શકે તેમ છે. ફરિયાદી તરફે ડી.પી.મહેશ્વરીનો ચુકાદો રજૂ થયેલ છે. ચુકાદાની હકીકત આ કામની હકીકત સાથે સુસંગત નથી, કારણ કે, તેમાં કલમ–૨(એસ) મુજબ 'કામદાર' હતાં કે કેમ ? તેવો મુદ્દો

હતો અને તેમાં એક જ સામાવાળા હતી. નોકરીમાંથી ગેરકાયદેસર છૂટા કર્યાની બાબત હતી. તેમાં તે સામાવાળાએ વર્કમેનનો વિવાદ ઉપસ્થિત કરેલ. બીજો ચુકાદો ઉષા સેલ્સ લિ. નો ફરિયાદીએ રજૂ કરેલ છે તેમાં કોર્ટની હકૂમત બાબતનો વિવાદ હતો તેવો મુદ્દો પ્રાથમિક મુદ્દા તરીકે નિર્ણય કરવો કે કેમ તે અદાલતની વિવેકાધિન બાબત છે. કોઈ પણ મુદ્દાને પ્રાથમિક મુદ્દા તરીકે પ્રથમ નિર્ણય કરવો તેવી ફરજ પાડી શકાય નહીં. સદરહુ બંને ચુકાદાઓની હકીકતો આ કામની હકીકતો સાથે સુસંગત નથી. અત્રે ફરિયાદીએ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરી, વિવિધ માગણીઓ કરેલ છે, તે પડતર વિવાદે સામાવાળાઓ ફરિયાદીની નોકરીની શરતોમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર ન કરે તે બાબતે આ ફરિયાદ દાખલ કરેલ હોય ત્યારે ફરિયાદીઓ કયા સામાવાળાનાં કામદાર હતાં કે છે ? તે સૌપ્રથમ નિર્ણય થાય ત્યાર બાદ જ ફરિયાદનો આખરી, યોગ્ય, વાજબી અને ન્યાયી ન્યાયનિર્ણય થઈ શકે તેમ છે તેવું મારું નમ્રપણે માનવું છે.

૮. ઉપરોકત તમામ વિગતો ધ્યાને લેતાં નીચે મુજબનો અવાંતર હુકમ કરવામાં આવે છે :–

**<u>: હુકમ :</u>**

૧. સામાવાળા નં. ૧ અને ૨ ની આંક–૨૫ ની અને સામાવાળા નં. ૩ ની આંક–૨૬ ની અરજી અંશત: ગ્રાહ્ય રાખવામાં આવે છે.

૨. ફરિયાદીઓ અને સામાવાળા નં. ૧ થી ૩ નાં વચ્ચે નોકર–માલિકનો સંબંધ છે કે કેમ ? તેનો પ્રાથમિક મુદ્દા તરીકે સૌપ્રથમ નિર્ણય કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. સામાવાળા નં. ૧ થી ૩ નાએ ફરિયાદીને આ ફરિયાદ દાખલ કરવાનો કાનૂની હકક ન હોવાનો પ્રાથમિક મુદ્દો આથી રદ્દ કરવામાં આવે છે.

૪. આ કામની હવે પછીની સુનાવણી આગામી તા. ૪–૧–૨૦૧૪ ના રોજ હાથ ધરવામાં આવશે.

ભાવનગર. **(કુ.એસ.વી.રાજવીર)**

તા. ૨–૧૨–૨૦૧૩. ઔદ્યોગિક ન્યાયપંચ, ગુજરાત,

ભાવનગર.

**જજ કોડ નં. જીજે૦૦૭૭૫.**